પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૭ | ૨૬ જુન, ૨૦૧૮, મંગળવાર; નિજ. જેઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### વોટ માટે તણાવ ફેલાવાય છે : નીતિશકુમાર

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે જણાવ્યું છે કે દેશમાં વોટ માટે સાંપ્રદાયિક તણાવ ફેલાવવામાં આવી રહ્યું છે. જો કે તેઓએ કોઈનું નામ લીધું ન હતું.

### ● હજયાત્રા પર જનારાઓને તાલીમ

મધ્યપ્રદેશમાંથી હજયાત્રા પર જનાર યાત્રિકોને ૨૬મી જૂનથી તાલીમ આપવામાં આવશે. મધ્યપ્રદેશમાંથી આ વર્ષે ૪૭૫૮ યાત્રિકો હજયાત્રા પર જઈ રહ્યા છે.

### દિલ્હી હાઈકોર્ટે વૃક્ષો ન કાપવા સલાહ આપી

દિલ્હી હાઈકોર્ટે એક મોટો નિર્ણય જાહેર કરી કહ્યું છે કે વિકાસના નામે કાપવામાં આવનાર ૧૬૫૦૦ જેટલા વૃક્ષો હાલ પૂરતા કાપવામાં ન આવે. ૪ જુલાઈ સુધી આ મનાઈ ફરમાવાઈ છે.

### મુઝફ્ફરનગરમાં ભંગારની દુકાનમાં ભીષણ આગ

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં ભંગારની દુકાનમાં વિસ્ફોટ બાદ આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૪ના મોત થયા છે. જયારે ત્રણને ઈજાઓ થઈ છે.

### વેપારીઓએ અરૂણ જેટલીને પત્ર લખ્યો

જીએસટી લાગુ કરવાના એક વર્ષ બાદ પણ હજુ વેપારીઓ ચિંતિત છે. જીએસટી રિવર્સ ચાર્જને નાબૂદ કરવા વ્યાપારીઓ અને ટેકસ એકસપર્ટે નાણામંત્રી અરૂણ જેટલીને પત્ર લખ્યો છે.

# દક્ષિણ ગુજરાતમાં મેઘાનો કહેર

**વલસાડમાં ૯ ઈંચ જ્યારે સુરતમાં બે કલાકમાં ૨ ઈંચ વરસાદ ખાબકતાં ઠેર-ઠેર પાણી ભરાયા : ભારે વરસાદને પગલે ટ્રેન-વાહન વ્યવહારને અસર, ઉમરગામમાં આવેલ તળાવ ઓવરફ્લો થતાં આસપાસના ગામમાં પાણી ફરી વળ્યા**



ગાંધીનગર,તા.૨૫

અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ સર્જાતા હવામાન વિભાગે સત્તાવાર રીતે ચોમાસાના આગમનની જાહેરાત કરી દીધી છે. આ સાથે જ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. દરમિયાન ૩૦ કલાકમાં ઉમરગામમાં ૨૫ ઈંચ વરસાદ નોંધાયો છે. અને વલસાડમાં આજે સવારથી ૭ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. જયારે સુરતમાં વહેલી સવારે બે કલાકમાં બે ઈંચ વરસાદ પડ્યો છે. અને સુરત જિલ્લામાં કામરેજમાં બે કલાકમાં ૩.૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

## ઉમરગામમાં ૩૦ કલાકમાં ૨૫ ઈંચ વરસાદ ખાબક્યો


બીજી તરફ, સમગ્ર રાજ્યમાં વરસાદની સિસ્ટમ સક્રિય થઈ છે, જેમાં આગામી ૪ દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ચાર દિવસ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૨૫

આખરે મોડા મોડા પણ ગુજરાતમાં ચોમાસું વિધિવત રીતે સક્રિય થયેલું જોવા મળ્યું છે. જેની સૌથી મોટી અસર દક્ષિણ ગુજરાતમાં દેખાઈ રહી છે. પરંતુ રાજ્ય માટે આગામી ૪ દિવસ વધુ કપરા હોવાનું હવામાન ખાતુ કહે છે. સમગ્ર રાજ્યમાં વરસાદની સિસ્ટમ સક્રિય થઈ છે, આગામી ૪ દિવસ સુધી વરસાદની આગાહી કરાઈ છે.



અરબી સમુદ્રમાં નવું સાયકલોનીક સરકયુલેશન સર્જાયુ છે, જેને કારણે દરિયાકાંઠાની નજીકના વિસ્તારોમા ભારે વરસાદ વરસશે. ગુજરાતથી કેરળ સુધી ઓફસોર ટ્રફ છવાયુ છે. જેની અસર સૌરાષ્ટ્રના દરીયાકાંઠાનાં વિસ્તારોમાં જોવા મળી છે. છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત છે. નવી સિસ્ટમ્સ મજબૂત બનશે તો ભારે મેઘ મહેર થશે તેવી શક્યતા છે. આગામી ૨૮, ૨૯, ૩૦ જૂનના રોજ સૌરાષ્ટ્રમાં મેઘરાજા ભારે બેટીંગ કરશે. જોકે, હાલ તો દક્ષિણ ભારતમાં વરસાદ વરસી જ રહ્યો છે, પણ આ પરિસ્થિતિ વધુ બગડી શકે છે. તો બીજી તરફ, સૌરાષ્ટ્રમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરાઈ છે. સાયક્લોનિક સરક્યુલેશન સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાત તરફ પણ આગળ વધી રહ્યું છે.

# ભારે વરસાદથી મુંબઈ બેહાલ

મુંબઈ,તા. ૨૫

દેશના વાણિજ્ય પાટનગર ફરી બેહાલ છે. જુદી જુદી જગ્યાઓએ જળબંબાકારની જમીન ધસી જતાં એક સાથે ૧૫થી ૨૦ કાર કાટમાળમાં દટાઈ ગઈ

**૧૦ ઇંચથી વધુ વરસાદથી મોટાભાગના વિસ્તારો જળબંબાકાર : લોકલ ટ્રેન સેવા અને વિમાની સેવા ઠપ થઇ : એન્ટોપમાં જમીન ધસી જતાં ૨૦થી વધુ કાર ગરકાવ**

મુંબઈમાં આજે ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ હતુ. ભારે વરસાદના કારણે મુંબઈ સ્થિતિના પરિણામ સ્વરુપે જાનમાલનું ભારે નુકસાન થયું છે. વડાલા વિસ્તારમાં એન્ટોપ હિલમાં હતી. બીજી બાજુ થાણેમાં એક આવાસ સંકુલ ધરાશાયી થતાં બે

● અનુસંધાન પાન-૭ પર



# વડોદરામાં જળબંબાકાર

**જનજીવન સંપૂર્ણ ખોરવાયું : ગુજરાતમાં સત્તાવાર રીતે ચોમાસુ બેસી ગયા બાદ મોટાભાગના વિસ્તારોમાં વરસાદ : દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણીથી તંત્ર એલર્ટ**



અમદાવાદ,તા.૨૫

ગુજરાતભરમાં ચોમાસાની ધમાકેદાર શરૂઆત થઈ છે. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયા બાદ વડોદરામાં પણ આજે એક કલાકમાં જ ત્રણ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વડોદરાના લગભગ તમામ વિસ્તારોમાં વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. શહેરના નીચાણવાળા કેટલાક વિસ્તારોમાં તો વરસાદી પાણી સોસાયટીઓ, ઘરો-દુકાનોમાં ફરી વળ્યા હતા. વડોદરા શહેર સહિત સમગ્ર જિલ્લાના પંથકોમાં

● અનુસંધાન પાન-૭ પર

# ભારત અને સેશલ્સ વચ્ચે ૬ સમજૂતિ ઉપર હસ્તાક્ષર

**મોદી અને સેશલ્સના પ્રમુખ વચ્ચે શિખર બેઠક : નૌસેનાના અડ્ડાના નિર્માણને લઇને બંને દેશો વચ્ચે સંમતિ**

નવીદિલ્હી,તા. ૨૫

ભારત અને સેશલ્સ વચ્ચે નૌસેના સેન્ટર બનાવવાને લઈને આજે મહત્વપૂર્ણ સમજૂતિ થઈ હતી. એકબીજાઓની ચિંતાઓને ધ્યાનમાં લઈને લેવલબેઝ બનાવવાના પ્રોજેક્ટ ઉપર પણ સેશલ્સ સંમત થયું છે. સેશલ્સના પ્રમુખની ભારત યાત્રા દરમિયાન બનેલી આ સહમતિ ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે, થોડાક દિવસ પહેલા જ સેશલ્સે ભારતની સાથે પોતાના અસમ્પશન આઈલેન્ડ ઉપર નૌસૈનિક અડ્ડા બનાવવાને લઈને સમજૂતિને રદ કરવાની જાહેરાત કરી હતી પરંતુ હવે તમામ ચિંતાઓ દૂર થઈ ગઈ છે.

સેશલ્સના પ્રમુખ સાથે વાતચીત કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, અમે એકબીજાના અધિકારોની માન્યતાના આધાર પર આગળ વધી રહ્યા છીએ. અસપ્પશન આઈલેન્ડમાં મળીને કામ કરવા ઉપર સહમતિ થઈ છે. સેશલ્સના પ્રમુખ ડેની ફોરે કહ્યું હતું કે, આ આઈલેન્ડ પ્રોજેક્ટ ઉપર ચર્ચા થઈ છે. બંને દેશો એકબીજાના હિતોને ધ્યાનમાં રાખશે.

થોડાક દિવસ પહેલા જ પ્રમુખ ડેની ફોરે કહ્યું હતું કે, જ્યારે તેઓ ભારત જશે ત્યારે વડાપ્રધાન મોદી સાથેની વાતચીત દરમિયાન આ આઈલેન્ડ પ્રોજેક્ટને લઈને વાતચીત કરશે નહીં. સેશલ્સના આ પગલાને ભારતની રાજદ્વારી નિષ્ફળતા તરીકે જોવામાં આવી રહી હતી. હવે બંને દેશો વચ્ચે સહમતિ સધાઈ રહી છે. જો ભારત માટે સંરક્ષણના ક્ષેત્રમાં ખુબ સારી સિદ્ધિ તરીકે છે. લેવલબેઝ ભારત માટે ખુબ મહત્વપૂર્ણ છે. હિંદ મહાસાગરમાં આ પ્રોજેક્ટથી ભારતને ફાયદો થશે.

# સંસદનું ચોમાસુ સત્ર ૧૮ જુલાઈથી

**સત્ર દરમિયાન મહત્વના બિલ પસાર થવાની શક્યતા : હોબાળાની સંભાવના**

ન્યુ દિલ્હી,તા.૨૫

કેન્દ્રીય મંત્રી અનંત કુમારે સોમવારે જાણકારી આપી કે સંસદનું ચોમાસુ સત્ર આવતા મહિને ૧૮ જુલાઈએ શરૂ થશે. આ સત્ર ૧૮ જુલાઈથી લઈને ૧૦ ઓગસ્ટ સુધી ચાલશે. સોમવારે સંસદ ભવનમાં કેબિનેટ કમિટી ઓન પાર્લામેન્ટરી અફેર્સની બેઠક થઈ. જેમાં ગૃહમંત્રી રાજનાથ સિંહ, કાયદા મંત્રી રવિશંકર પ્રસાદ સિવાય રામ વિલાસ પાસવાન અને પ્રકાશ જાવડેકર પણ હાજર રહ્યા.

બજેટ સત્ર સમગ્રરીતે વિપક્ષના હોબાળાના કારણે ધોવાઈ ગયુ હતુ. જેના કારણે કેટલાક મહત્વપૂર્ણ બિલ પસાર થઈ શક્યા નહીં.

બજેટ સત્રમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો, આંધ્ર પ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જો સહિત કેટલાક અન્ય મુદ્દાને લઈને વિપક્ષે જોરદાર હોબાળો કર્યો હતો. વિપક્ષ આવનાર ચોમાસા સત્રમાં મોદી સરકારને કેટલાક મુદ્દાઓ પર આક્રમક રીતે ઘેરી શકે છે.




# અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ચોક્કસપણે થશે

અયોધ્યા,તા. ૨૫

મહંત નૃત્યગોપાલ દાસના જન્મદિવસ પર અયોધ્યામાં આયોજિત સંત સંમેલનમાં ભાગ લેવા માટે પહોંચેલા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંત સમાજને અપીલ કરી હતી કે, થોડાક સમય સુધી ધૈર્ય રાખવાની જરૂર છે. ભગવાન રામની કૃપા થશે તો અયોધ્યામાં રામ મંદિર ચોક્કસપણે બનશે. યોગીએ કહ્યું હતું કે, આમા કોઈ શંકા હોવી જોઈએ નહીં. તેમણે ઉમેર્યું હતું કે, બંધારણની હદમાં રહીને કામ કરવું છે જેથી સંયમ જરૂરી છે. યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, રામ મંદિરના નિર્માણનો ઉકેલ ચોક્કસપણે આવશે. સંત સમાજને હાલમાં સંયમ અને ધૈર્ય રાખવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જે લોકો રામજન્મભૂમિ આંદોલનનો વિરોધ કરી રહ્યા હતા તે લોકો પણ હવે મંદિરની વાત કરી રહ્યા છે. તે કાવતરુ પણ હોઈ શકે છે. આનાથી સાવધાન થવાની જરૂર છે. યોગીએ વિપક્ષી પાર્ટીઓ ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આજે એવા લોકો રામ મંદિરની વાત કરી રહ્યા છે જે લોકોએ રામ ભક્તો ઉપર ગોળીઓ ચલાવવા માટેના આદેશ આપ્યા હતા.

**સંત સમાજને યોગી આદિત્યનાથે ખાતરી આપી : રામની જન્મભૂમિના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે : બંધારણમાં રહીને કામ થઇ રહ્યું છે જેથી ધૈર્ય જરૂરી**

યોગીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષમાં કેટલા મુખ્યમંત્રી અયોધ્યા પહોંચ્યા છે. યોગીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, અગાઉની સરકારોએ અયોધ્યાના વિકાસ માટે કોઈ કામ કર્યા ન હતા પરંતુ તેમની સરકાર ભગવાન રામની જન્મભૂમિના વિકાસ માટે કોઈ કામ બાકી રાખશે નહીં.

યોગીએ કહ્યું હતું કે, અયોધ્યામાં અગાઉની સરકારે રામલીલા બંધ કરાવી દીધી હતી પરંતુ તેમની સરકાર રામલીલાને ફરી શરૂ કરાવી ચુકી છે. અયોધ્યાના વિકાસ માટે એક સમગ્ર રુપરેખા તૈયાર કરવામાં આવી ચુકી છે. વિજળીના લાઈવ તારને દૂર કરવામાં આવી રહ્યા છે. અયોધ્યામાં રામ મંદિર પર ચર્ચા કરવા માટે પણ તેઓએ અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટમાં મંદિર મુદ્દે વહેલીતકે સુનાવણી થાય તેવી ઈચ્છા પણ તેમની પાર્ટીની રહેલી છે.

**ખારેક મળશે**

કચ્છની પ્રખ્યાત દેશી તથા ઈઝરાયલ બારાહી ખારેકનું ખેડૂતો દ્વારા સીધુ વેચાણ ચાલુ છે.

: સ્થળ :
કૃષિભવન,
ગેટ નં.૨ની બહાર,
સેક્ટર-૧૦, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય